## જન્મદિને વધામણી



પ્રવિણભાઈ નાથાભાઈ કારેલીયા



જય જે પટેલ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

જી ઈ ક્લબના સહયોગથી

# પ્રેરણા વિદ્યાલય દ્વારા ૨૮મી એપ્રિલથી “કલા તાલીમ શિબિર”નું આયોજન

### ડ્રોઈંગ, કથ્થક, ભરતનાટ્યમ્, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, નાટક તબલાં-ગિટાર-હાર્મોનિયમ-કી બૉર્ડ વાદન તથા મહેંદીની તાલીમ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા આગામી તા. ૨૮ એપ્રિલથી ૭ મે દરમ્યાન કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વૅકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. ગત વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને ગત વર્ષે બંને સંસ્થાઓએ સાથે મળીને સફળતાપૂર્વક કલા તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું. આ વખતે પણ એ જ રીતે કલા તાલીમ શિબિરનું આયોજન બંને સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં શહેરમાં અને શહેર બહાર વસતાં તમામ બાળકો ભાગ લઈ શકે છે.

તા. ૨૮ એપ્રિલથી ૭ મે દરમ્યાન સવારના સમયે આ શિબિર અંતર્ગત તાલીમનું આયોજન કરાયું છે, જેમાં તબલાં વાદન, ગિટાર વાદન, કી-બૉર્ડ પ્લેઈંગ, હાર્મોનિયમ વાદન, ડ્રોઈંગ, કથ્થક, ભરતનાટ્યમ્, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, નાટક, મહેંદી અને ઓરીગામી (જાપાની પેપર આર્ટ)ની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

ઓછામાં આછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની વયનાં બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલ, સેક્ટર-૫ એ (ફોન નંબર ૨૩૨૪૬૦૦૭ અથવા મોબાઈલ નં. ૯૪૨૬૩૫૯૫૨૨) ખાતેથી ફોર્મ મેળવી ભરી દેવા તેમના દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

# કેફે કોફી ડે ખાતે આ સમરમાં વિન્ટરને મળવાનું આયોજન

### કેફે સંસ્કૃતિ સ્વાદિષ્ટ ઠંડા પીણાંની નવી શ્રેણી સાથે આ સમરમાં તેની કેફેમાં વિંટરનો અહેસાસ લાવી છે

ગાંધીનગર, તા. ૧૦

ઉનાળાની ગરમીમાં શેકાતા નાગરિકોને રાહતનો અહેસાસ થાય એ માટેનું આયોજન કેફે કોફી ડે દ્વારા આગોતરું કરવામાં આવ્યું છે અને લોકોને ગરમીમાં ઠંડીનો અહેસાસ કરાવવાનું નિયત કરાયું છે.

મોટાભાગના લોકો એવું કહે છે સમર આવી ગયું છે ત્યારે કેફે કોફી ડે કહે છે, વિંટર આવી ગયું છે. આ એપ્રિલમાં ચાર થીજાવી દેનારા ઠંડા પીણાં બે સ્મૂધીઝ અને બે પંચની સંપૂર્ણ નવી શ્રેણી સાથે દેશ અગાઉ ક્યારેય નહી તેવી વિંટરની વાવ-નેસમાં ડૂબકીઓ લગાવશે.

આ વિંટરની અમુક ટ્રીટસ તિરામિસુ સ્મૂધી સાથે થાય છે, જે સ્વીટ સિપ-એન સ્નેક ડિલાઈસ છે. તે કોકોઆ પાઉડર, ચીઝ સોસ અને સ્પોન્જ કેકની પથારી પર કોફી અને ક્રીમ સાથે ટોપ્ડ હોઈ નિશ્ચિત જ એપ્રિલની ગરમીમાં તમને ઠંડી મહેસૂસ કરાવીને રહેશે. આ પછી સ્ટ્રોબેરી ચીઝ કેક સ્મૂધી સાથે ટ્રોબેરી અને ચીઝ સોસ બહુ જ રોચકતા સાથે ક્રશ્ડ કૂકીઝની પથારી પર મળશે ત્યારે ઉનાળાને તમે સાવ ભુલી જશો.





ભારતીય લશ્કરના ગોલ્ડન કતાર ડિવિઝન દ્વારા વિશ્વ સ્વાસ્થ્ય દિવસની ઉજવણી તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી. આ નિમિત્તે ડાયાબિટીસ અંગે એક પ્રવચન તથા ઈન્ટરેક્ટીવ સૅશનનું આયોજન આર્મી પબ્લિક સ્કૂલ, અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ માટે તથા મિલીટરી સ્ટેશન ખાતે સૈનિકોનાં પરિવારજનો માટે કરવામાં આવ્યું હતું. ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૧૯૦ પરિવારોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન ગોલ્ડન કતાર આર્મી ફેમિલી વેલ્ફેર ઑર્ગેનાઈઝેશનનાં ચેરપર્સન મમતા પ્રશાર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે રોગો અંગે જાગૃતિ ઉપર ભાર મૂક્યો હતો. ડિવિઝનના લે. કર્નલ મનોહર દત્ત દ્વારા ડાયાબિટીસના રોગ અંગે વિશદ વક્તવ્ય આ પ્રસંગે આપવામાં આવ્યું હતું.

# બીબીએ કૉલેજમાં થેલેસેમિયા જાગૃતિ અને ટેસ્ટ કૅમ્પનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી. કૉલેજ ઑફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન ખાતે શુક્રવારે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને થેલેસેમિયા રૉગની જાણકારી આપી તેઓને તેના દુષ્પરિણામોથી અવગત કરવામાં આવ્યા હતા. તેમજ આ બાબતે જાગૃતિ ફેલાવવા પ્રેરણા આપી હતી. થેલેસેમિયા જેવા જીવલેણ રોગથી ભાવી પેઢીને બચાવી શકાય તે માટે વિદ્યાર્થીઓનો થેલેસેમિયા “મેજર તેમજ માઈનર” ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ખૂબ ઓછા દરે વિદ્યાર્થીઓનો ટેસ્ટ થાય તે માટે કૉલેજ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બ્રહ્માણી કૃપા હૉલ ફાર્મસી કૅમ્પસ ખાતે સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થયો હતો. જેમાં વિદ્યાર્થીઓને "થેલેસેમિયા મેજર તેમજ માઈનર" વિષે સુકેતુ મહેતા દ્વારા સવિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે દરેક વ્યક્તિએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવો ખૂબ જરૂરી છે. આજના સમયની માગ છે કે આપણે થેલેસેમિયા મુક્ત વિશ્વ બનાવી શકીએ. લગ્ન ઈચ્છુક પાત્ર માટે જન્મ કુંડળી મેળવવી તેના કરતા થેલેસેમિયા ટેસ્ટ કરાવી તે બાબતે તેમની સ્થિતિ જાણવી વધારે મહત્વની છે. કારણકે બે થેલેસેમિયા માઈનર વ્યક્તિનાં લગ્ન થાય તો તેઓને થેલેસેમિયા મેજર બાળક જન્મવાની શક્યતાઓ વધી જાય છે. તેમજ આ રોગની ભયાનકતા એટલી બધી છે કે આવા વ્યક્તિ માટે જિંદગી ખૂબ દુષ્કર બની જાય છે.

ઉલ્લેખનીય છે કે મિલેનિયમ સૂપરસ્ટાર અમિતાભ બચ્ચન પણ થેલેસેમિયા માઈનર છે અને તેથી તેઓ આ બાબતની ગંભીરતા લોકોને સમજાવે છે. કુલ ૨૫૦ વિદ્યાર્થીઓ આ અવેરનેસ કાર્યક્રમ માં હાજર રહ્યા હતા. તેમજ આ બધાજ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમ માં કૉલેજના આચાર્ય ડૉ.રમાકાંત પ્રસ્ટી તેમજ વરિષ્ઠ અધ્યાપક ડૉ. જયેશ તન્નાએ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ચાવીરૂપ વક્તવ્ય આપનાર સુકેતુ મહેતા તેમજ રેડ ક્રૉસ સોસાયટીનું સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમ કૉલેજનાં પ્રો માર્ગી દેસાઈ તેમજ પ્રો આશિષ ભુવા દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
ક્લબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૭.૦૦
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૬.૪૫

# ફોરેન્સીક યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનો બીજો પદવીદાન સમારોહ શનિવારે યોજવામાં આવ્યો હતો.

યુનિયન બૅન્ક ઑફ ઈન્ડિયાના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર અરૂણ તિવારીના હસ્તે પીએચડીના બે વિદ્યાર્થીઓ સહિત યુનિવર્સિટીના કુલ ૧૪૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી તથા પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થીઓને મૅડલ આપવામાં આવ્યાં હતાં.

યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે ઍમ વ્યાસે સ્વાગત પ્રવચન કર્યું હતું અને યુનિવર્સિટીની કાર્યવાહીનો અહેવાલ આપ્યો હતો.

મુખ્ય વક્તા અરૂણ તિવારીએ વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે આજના આ સ્પર્ધાત્મક યુગમાં આગળ વધવાની તકો પુષ્કળ છે અને ફોરેન્સીક સાયન્સના વિદ્યાર્થીઓને માટે તેમના જ્ઞાન અને આવડતથી સમાજ તથા દેશની સેવા કરવાની ઉજળી તકો રહેલી છે.

# ‘સ્કાય’ ઈઝ ધ લિમિટ... કહેતા હૈ યે પલ, ખુદ સે નીકલ, જીતે હૈં ચલ

### આર્થિક પછાત પણ ટૅલેન્ટમાં ટનાનટ એવા સરકારી પ્રાથમિક સ્કૂલનાં વિદ્યાર્થીઓએ નાસિક ઢોલ, રિમોટ કાર, દુર્ગા ડાન્સ, ડાંગી ડાન્સ, વ્યસનમુક્તિ સ્કિટ સાથે ટૅલેન્ટ શોમાં પોતાના જલવા દર્શાવ્યા : સ્કાય ગૃપના નિઃસ્વાર્થ યુવાનોએ હિડન ટૅલૅન્ટને બહાર લાવવા આપ્યો હૅલ્પિંગ હૅન્ડ



વાહ ! ભાઈ, વાહ !
સંજય થોરાત

આજથી છ મહિના પહેલાં ગાંધીનગરની ૩૨ સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓની એક જ દિવસે, સમયે પ્રતિભા શોધ સ્પર્ધાની પરીક્ષા લેવાયેલી, જેમાં ૪૮૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલી, એમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામો આપવાનો અને એમનામાં પડેલી ટૅલેન્ટને બહાર લાવવાનો એક મહેનત અને લગન માગી લે એવો ટૅલેન્ટ શો તાજેતરમાં ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાયો હતો.

સરકારી સ્કૂલનાં બાળકોની હિડન ટૅલેન્ટને બહારલાવી એમનો સ્ટેજ શો કરવાની સ્કાય ગૃપના યુવાનોની નેમ હતી. માત્ર ૧૫ દિવસના સમયગાળામાં એમણે ગાંધીનગરની વિવિધ શાળા સાથે બોરીજ, ધોળાકૂવા, આદિવાડા, બાસણ, જીઈબીની સ્કૂલના વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. વિવિધ વૉલિએન્ટર્સે અંગત રીતે કોરિયોગ્રાફર સાથે ટ્રેનિંગ આપવાનું ચાલુ કર્યું કારણ કે આ બાળકો પ્રથમ વખત જ સ્ટેજ પર આવવાનાં હતાં.

લાગણી સાથે જોડાયેલા અને આર્થિક રીતે પછાત બાળકોને સમાજમાં સન્માન આપવાના ઉમદા વિચાર સાથે સ્કાય ગૃપના મુખ્ય પાંચ યુવાનો - સચિન ઠક્કર, પ્રતીક જાની, વ્યોમ અમીન, હુસેન પટેલ અને વિશાલ પટેલે આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કરીને વિદ્યાર્થીઓના મનમાં આશાનું કિરણ પ્રગટાવ્યું.

મંત્રોચ્ચાર સાથેના સૂર્ય નમસ્કારથી કાર્યક્રમ શરૂ થયો. ગાંધીનગરના જાણીતા કોરિયોગ્રાફર અને સેવાકીય કાર્યમાં ઉત્સાહથી જોડાતાં પ્રજ્ઞા ગજ્જરે તૈયાર કરેલો સૅક્ટર-૮ની સ્કૂલનો દુર્ગા ડાન્સ અદ્ભૂત રહ્યો... મૈં હું હિરો... સાથે આવેલાં બાળકે સલમાનની સ્ટાઈલમાં ડાન્સ કરી જોરદાર પરફોર્મન્સ આપ્યું.

સ્કાય ગૃપના ૧૮થી ૨૫ વર્ષના ઉત્સાહી વૉલિએન્ટર્સે આખી ઈવેન્ટનું આયોજન સજ્જડ કર્યું હતું. એમાંય દરેક સ્કૂલના વિદ્યાર્થીઓને લેવા-મૂકવા બસ, રૂટ વૉલિએન્ટર્સ, ટાઉનહૉલમાં બેઠક વ્યવસ્થા, ચા-નાસ્તો... દરેક વાતને ઝીણવટપૂર્વક આયોજિત કરી હતી. આ થનગનતા યુવાનોમાં ભાર્ગવ આહિર, રાકેશ ચૌહાણ, ધવલ ઠક્કર, જયદિપ વ્યાસ, રવિકાન્ત અસરાની, ધ્રુવ પટેલ, કિંજલ ચૌધરી, માધવી ભાયાણી, વિવેક સિંહ, આકાશ કાપડિયા, મનિષ, સાહિલ પટેલ, રાકેશ ને એવા તો ઘણા મિત્રો....

મિત્રોએ આપસમાં ભેગા કરેલા ડોનેશન અને નાના-નાના સેવાભાવી લોકોની મદદથી એક આખી ઈવેન્ટ યોજાઈ. ડાંગી ડાન્સ, ઍનિમેશન વિડીયો, ઑટોમેટીક કાર, હેપ્પી ન્યુ યર ડાન્સ... બધું જ સુંદર છતાંય ત્રણ રજૂઆત ખાસ યાદ કરવી પડે. વ્હિસલ સાથે ગવાયેલાં ગીતો, વ્યસન મુક્તિ સ્કિટ અને નાસિક ઢોલ..... સમગ્ર કાર્યક્રમનું ઍનર્જેટિક સંચાલન દિપેન રાવે કર્યું હતું.



સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓની ટૅલેન્ટને બિરદાવવા જિલ્લા શાસનાધિકારી નિપા પટેલ, કૉર્પોરેટર પરાગી પંડ્યા, પાર્થ ઠક્કર, પ્રદિપસિંહ વાઘેલા, અતુલ અમીન, કાળીદાસ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, શૌર્ય સિંહ, ડી ઍન બારોટ, અસ્મિતા દવે, અશ્વિન દવે, લીના મહેતા, અર્પિત ભટ્ટ, ભરત કવિ, કશ્યપ નિમાવત જેવાં વિવિધ ક્ષેત્રના સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સરકારી સ્કૂલનાં બાળકોની સાથે આ કાર્યક્રમમાં વિશેષ મદદ કરનારાં શિક્ષકો - રાબિયાબેન દેસી, કાશ્મીરાબેન વ્યાસ, કલ્પનાબેન પટેલ, દિપ્તીબેન, રમીલાબેન, જયેશબાળાબેનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. લાયોનેસ ક્લબનાં વૈશાલી જોષી અને દક્ષા જાદવ તો પહેલેથી જ આ કાર્યક્રમમાં સહભાગી બન્યાં હતાં અને પનઘટના ભાવિન પટેલે કોશ્ચ્યૂમ્સ વિનામૂલ્યે આપીને આ કાર્યક્રમને શોભાયમાન કર્યો હતો.

પ્રતિભા સ્પર્ધામાં પ્રથમ વિજેતા થયેલાં ૩૨ બાળકોને સાયકલ અને દ્વિતિયને સ્કૂલ બેગ આપી સન્માનિત કરતાં જ ટાઉનહૉલ ચિચિયારીઓથી ગૂંજી ઊઠ્યો હતો. આ બાળકો દ્વારા બનાવવામાં આવેલી હેન્ડીક્રાફ્ટની આઈટમ્સનો એક સુંદર ડિસ્પ્લે પણ અહીં હતો. આવનાર સૌ મહેમાનો સાથે કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, રવિ સોલંકી, ધારાસભ્ય અશોક પટેલ, ગુડા ચૅરમૅન આશિષ દવે અને સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદીએ આનંદની લાગણી અનુભવી હતી.

ઉત્સાહથી છલોછલ, સમાજ માટે ગાંઠનું ગોપીચંદન ઘસવાની આ ઈવેન્ટમાં મને પણ મૅન્ટરનો રોલ ભજવવા મળેલો એને મારું સદ્ભાગ્ય સમજું છું. સમગ્ર સ્કાય ટીમને દિલથી શુભેચ્છા.

એક ઔર વાહ

સમાજના અનટચ બાળકો માટેને પ્રવૃત્તિ જોઈને ભાવુક બનેલા આશિષ દવે, વિપુલ સુખડિયા, જગત કારાણી, મહેશ કુંભાણી, કાળીદાસ પટેલ, વિદ્યા લાયબ્રેરી અને ઍન પી પટેલ સ્કાય ગૃપના યુવાનોને કાનમાં કહેતા ગયા, ‘અમે તમારી સાથે છીએ, તમને આર્થિક રીતે અટકવા નહીં દઈએ.’

# આપણે જેવા છીએ એવા રહેવામાં જ મજા છે

ગાંધીનગર, તા. ૧૦

‘ઢેબરાં એટલે એક ગુજરાતી ઓળખ અને તેના પર ચીઝ એટલે એક ગુજરાતીની પરિવર્તનને ઝડપથી સ્વીકારી લેવાની વૃત્તિ. જોકે, આ શીર્ષક દ્વારા હું એવું પણ કહેવા ઈચ્છું છું કે, ચીઝ લગાવાથી ઢેબરાં પીત્ઝા નથી બની જવાના. તેથી આપણે જેવા છીએ એવા જ રહેવામાં મજા છે.’ અધીર અમદાવાદીથી જાણીતા હાસ્ય લેખક દિવ્યાંશુ પંડિતના હાસ્ય લેખોના પુસ્તક ‘ચીઝ ઢેબરાં’નું શનિવારે યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે વિમોચન થયું હતું, ત્યારે તેમણે આ શબ્દોનું ઉચ્ચારણ કર્યુંહતું. તેમના આ પ્રથમ પુસ્તકમાં તેમના હાસ્ય લેખો, રમૂજી પત્રવ્યવહાર તેમજ હાસ્ય નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્યક્રમનું સંચાલન કરતાં જાણીતા કવિ રઈશ મણિયારે કહ્યું હતું કે, ‘ગુજરાતી હાસ્યની આજ એટલે અધીર અમદાવાદી.’

## સંવેદના
મારો મિત્ર મારો હમદમ



આમ તો દુનિયામાં કેટકેટલાય આપણા મિત્રો હોય છે. પણ દુખ અને સુખમાં હંમેશાં આપણને મદદ કરી હોય, હંમેશાં પડછાયાની જેમ તે પણ આગળ રહ્યો હોય, દુખ આપણા આંગણે હોય પણ એ દુખની અસર આપણા મિત્રને થતી હોય એનું નામ જ મિત્ર કહેવાય. બાકી મિત્રો તો ઘણા જ મળી જશે. પણ જે દુખની વ્યાખ્યા સમજે તે જ આપણો મિત્ર.

હું આજ મારા પરમ મિત્ર એટલે કે મારા પિતાની વાત કરી રહ્યો છું. કેમ કે તેઓ જમ ારા સાચા મિત્ર છે. તેમણે મને આ દુનિયામાં આવવાનો એક મોટો અવસર આપ્યો, મને બોલતાં શીખવ્યું, ચાલતાં શીખવ્યું, મને શાળા પણ તેમણે જ બતાવી. પોતે દુખ વેઠી મને ભણાવ્યો, હું જ્યારે બિમાર પડ્યો તો મને દવાખાને લઈ ગયા, જ્યાં સુધી હું સાજો ન થયો ત્યાં સુધી મારી પાસે ને પાસે જ રહ્યા. મને જ્યારે કંઈ મદદની જરૂર પડી બસ તેમણે વિના સંકોચે મને મદદ કરી.

બીજું કારણ એ પણ છે કે તેમને હું મારા મનની તમામ વાતો કરું છું અને તે પણ મને નિખાલસ ભાવે મારા પ્રશ્નોના જવાબ આપે છે. મારા દુખના સમયમાં તેમણે જ મને સુખનો અહેસાસ કરાવ્યો છે.

મારા મતે તો મારા સાચા મિત્ર અને મારા સાચા હમદમ મારા પિતા જ છે.

- વિ કે માજીરાણા
ગાંધીનગર